**C.C.No.**1159/2018.

सत्यमेव जयते

| GJRJ050015522018 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૭/૦૬/૨૦૧૮. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૭/૦૬/૨૦૧૮. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૪/૦૭/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૮ ૧ ૭ |

**મહે.જેતપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જેતપુર, જિ.રાજકોટ.**

ફોજદારી કેસ નં.૧૧૫૯/૨૦૧૮.
જે.સી.ગુ.ર.નં.૫૦૫૦/૨૦૧૮.
આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** ૧.ગીતાબેન વા.ઓ.સુરેશભાઈ ચુડાસમા ઉ.વ.૩૦,

રહે.પ્રદીપ ટોકીઝ પાછળ, જુનાગઢ.

૨. સવીતાબેન વા.ઓ.મુનાભાઈ મકવાણા ઉ.વ.૨૫

રહે.પ્રદીપ ટોકીઝ પાછળ, જુનાગઢ.

૩.ખીમજીભાઈ જેઠાભાઈ રાઠોડ ઉ.વ.૫૦

રહે.જુનાગઢ રોડ લાયન્સ સ્કુલ પાસે જેતપુર.

---

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. આર.કે.વસાવા.
આરોપી તરફે સી.આર.પી.સી.૨૯૯ મુજબ હુકમ

---

---

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબ.

---

## // ચુ કા દો //

(૧) આ કેસમાં આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબ ગુનો નોધવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૨/૨૦૧૮ના રોજ કલાકઃ૦૭:૧૫ વાગ્યે આ કામના આરોપીઓ ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ લી.૪૮ કિ.રૂ.૯૬૦/– નો તથા કાળા કલરનો માઈક્રોમેક્ષ મોબાઈલ કિ.રૂ.૫૦૦/– ના સાથે મળી કુલ રૂ.૧૪૬૦/– સાથે દેશી દારુ વેચાણ સાથે રાખી મળી આવતાં પ્રોહીબિશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબનો ગુનો કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પુરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને આ કામે વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી હાજર રહેતા ન હોય, આથી ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષ્યમાં લઈ આંક–૦૧ નીચે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ અને આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભુરાભાઈ હીરાભાઈ માલીવાડની જુબાની | ૨૪ |
| ૨ | ફરીયાદ | ૨૫ |

| | | |
|---|---|---|
| ૩ | પંચનામું | ૨૬ |

(૫) ફરિયાદપક્ષે પુરાવો પૂરો થયેલાનું જાહેર કરતા ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો પડતો ન હોય તેમજ આરોપી તર્ફે સી.આર.પી.સી.૨૯૯ મુજબ હુકમ થયેલ હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું તા.૨૨/૨/૨૦૧૮ના રોજ કલાકઃ૦૭:૧૫ વાગ્યે આ કામના આરોપીઓ ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ લી.૪૮ કિ.રૂ.૯૬૦/- નો તથા કાળા કલરનો માઈક્રોમેક્ષ મોબાઈલ કિ.રૂ.૫૦૦/- ના સાથે મળી કુલ રૂ.૧૪૬૦/- સાથે દેશી દારુ વેચાણ સાથે રાખી મળી આવતાં પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૮૧ મુજબનો ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

**<u>// કા ર ણો //</u>**

(૧૦) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોતા આ કામે ફરીયાદીને તપાસતાં તેઓએ આપેલ ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ રાખી આંક–૨૫ થી ફરીયાદ અને આંક–૨૬થી પંચનામું રજુ રાખેલ છે. વધુમાં આ કામે પંચો મરણ પામેલ હોય તેવું ફરીયાદીએ તેના પુરાવામાં જણાવેલ છે. તેમજ આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદોને તપાસી શકેલ નથી. ફરિયાદપક્ષે ફરીયાદીની જુબાની તથા ફરિયાદ તથા પંચનામું જોતાં જણાઈ આવે છે કે, ફરિયાદની હકીકતના અનુસંધાને તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં આરોપીના શરીરના બાંધાનું કોઈ વર્ણન કરેલ નથી. જેથી મુદ્દામાલનો કબજો આરોપીઓ પાસે હતો તે હકીકત પણ નિઃશંકપણે સાબિત થતી નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂ જ હતો, તે બાબતનું એફ.એસ.એલ.નું સર્ટીફીકેટ પણ રજૂ નથી, દારૂના કેસમાં મળી આવેલ મુદ્દામાલ દારૂ જ હતો તેમ નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતું ન હોય આરોપીઓને શંકાનો લાભ મળવા પાત્ર છે.

(૧૧) આમ, આ કામના આરોપીએ પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાના કબજામાં રાખેલ હોય તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે સાબિત થતી નથી. આમ, આ કેસમાં રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓની સામેના ગુનામાં તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય મુદ્દા નં–૧નો જવાબ

હું નકારમાં આપું છું, જેથી મુદ્દા નં–૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

૧. આ કામના આરોપીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ અન્વયે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૫(ઈ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે બીન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે રજૂ થયેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ ૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) મુજબ આરોપી ની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
તારીખઃ૧૪/૭/૨૦૨૬.
મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**
**જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જેતપુર.**
**UIC–GJ**01563.

Typed by:– k.m.vaja,
Gujarati Stenographer